
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મિથુન**

**આજના ગ્રહોની કુંડળી**




**રાત્રે પોણા આઠે સૂર્યનો મેષ રાષિ પ્રવેશ. ઉચ્ચનો સૂર્ય અને ઉચ્ચનો શુક્ર તેમજ સ્વગૃહી મંગળ સારું ફળ આપે તેવા યોગો છે. ચૈત્રી નવરાત્રી ચાલે છે. મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** આજે રાત્રે પોણા આઠે સૂર્ય આપની રાશિમાં પ્રવેશીને ઉચ્ચત્વ પ્રાપ્ત કરે છે તેથી સૂર્ય - શુક્ર - મંગળ આપનો આજનો દિવસ આનંદદાયક પ્રસાર કરાવશે.

**વૃષભ** બારમે બુધની જોડે ઉચ્ચનો સૂર્ય આજે આવે છે જે ખોટા ખર્ચ કરાવે. સ્વગૃહી મંગળ સારું ફળ આવે. લડવૈયો સ્વભાવ બનાવે - દિવસ સારો જાય.

**મિથુન** આપની રાશિનો ચંદ્ર આપનો બધી રીતે ભાગ્યોદય કરાવે તેમ છે. દસમે સૂર્ય શુક્રની યુતિ પણ ફાયદો કરાવે. અગિયારમે બુધ સંતાનને તેજસ્વિતા આપે - દિવસ આનંદમાં જાય.

**કર્ક** ચાંડાલ યોગ બીજે તથા પાંચમે સ્વગૃહી મંગળની વક્રી શનિ સાથેની યુતિના કારણે તમારા સંતાનો, મિત્રો, કુટુંબીઓ વિગેરે સાથે અણબનાવ બને તેવા બનાવો બને.

**સિંહ** ચાંડાલ યોગ તથા ચોથે શનિમંગળની યુતિ તમારે માટે હાનિકારક સાબિત થાય તેમ છે. તમોને ન ધારેલ નુકસાન થવાના સંભવ છે. ધ્યાન રાખીને ચાલવું.

**કન્યા** સાતમે શુક્ર સૂર્યની યુતિ છે જેના કારણે શુક્રનું સારું ફળ મળતું નથી માટે બે દિવસ પછી સૂર્ય બદલાય પછીથી શુક્રનું સારું ફળ મળશે માટે ધીરજ રાખો.

**તુલા** રાશિનો માલીક સૂર્યથી બે દિવસમાં છૂટો પડશે ત્યારબાદ ઉચ્ચના શુક્રની સારી અસરો તમારી રાશિને ચમકાવશે. ધીરજ ધરોને સારા સમયની રાહ જુઓ.

**વૃશ્ચિક** મંગળ - શનિની શત્રુતાભરી યુતિને કારણે વારંવાર મુંઝવણો વધારતા યોગોથી ત્રસ્ત થશો. ધાર્યુ કામ નહીં થાય - સાવધાની રાખશો તો ફાવશો.

**ધન** તમારી આજની રાશિની કુંડળીના યોગો મિશ્રફળ આપનાર છે જે ક્યારેક સારું તો ક્યારેક અણધાર્યુ ખરાબ ફળ આપે તેમ છે. સાવધ રહેશો.

**મકર** ચાંડાલ યોગ આઠમા સ્થાનમાં તમારી તંદુરસ્તી બગાડે તેવા યોગ છે. સાવધાની રાખશોને ભક્તિ પૂજા કરશો તો નાનકડી માંદગીથી પતે.

**કુંભ** સાતમે ચાંડાલ યોગ ખરાબ છે - જીવનસાથી - મિત્રો સાથે ચડભડમાં ન ઉતરો તે માટે ખુબ જ સંયમ કેળવશો તો તમારે માટે ધ્યાન રાખવા જેવી બાબત છે.

**મીન** આજે સૂર્ય બદલાઈને ઉચ્ચનો થાય છે જેથી મીન રાશિમાં રહેલ ઉચ્ચના શુક્રની સારી અસરોથી રાત્રે તમારો સમય આનંદમાં જશે.

# નિકોલમાં દિવાલ ઘસી પડતા છના મોત

અમદાવાદ, તા.૧૨

શહેરના નિકોલ વિસ્તારમાં ટી.પી.સ્કીમ નંબર-૧ અને ટી.પી.સ્કીમ નંબર-૬૫ વચ્ચે ૧૫ ફૂટનું માર્જિન મુકવામાં આવ્યું હતું.આ ટી.પી.સ્કીમમાં એક ધારાસભ્યના દબાણમાં આવી જઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા આજે ઉતાવળે રોડલાઈનનો અમલ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જે દરમિયાન દિવાલ ધસી પડતા છ લોકોના મોત નીપજ્યાં છે.મૃતકો પૈકી ચારના ઘટના સ્થળે અને બેના હોસ્પિટલમાં મોત થવા પામ્યા છે.સમગ્ર ઘટનામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની નફફટાઈ તો એ સમયે પ્રકાશમાં આવી કે,મ્યુનિસિપલ કમિશનરનો જ આદેશ છે કે,જયારે પણ રોડલાઈનનો અમલ કરવામાં આવે તે સમયે તેની કામગીરીની શરૂઆતથી અંત સુધીની કામગીરીની વિડીયોગ્રાફી થવી જોઈએ.આ ઘટનામાં વીડીયોગ્રાફી કરવામાં જ ન આવી ઉપરાંત જવાબદાર એવા ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર પણ ઘટના સ્થળે હાજર ન હતા.ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ઉગ્રરોષ ભભૂકી ઉઠ્યો છે.તો બીજી તરફ વિપક્ષ કોંગ્રેસ દ્વારા આવતીકાલે મ્યુનિસિપલ કમિશનરનો ઘેરાવ કરી આવેદનપત્ર આપવાની સાથે નિકોલ વિસ્તારમાં બંધનું એલાન પણ આપવામાં આવ્યું છે.આ ઘટનાની પ્રાપ્ત થતી વિગતો અનુસાર નિકોલ વિસ્તારમાં ટી.પી.સ્કીમ-૬૫માં રોડલાઈનનો અમલ કરી રસ્તો પહોળો કરવા અંગે છેલ્લા કેટલાક સમયથી ભાજપના જ ધારાસભ્ય અને મંત્રીના ભાઈ દ્વારા સતત તંત્ર ઉપર દબાણ લાવવામાં આવી રહ્યું હતું.મ્યુનિસિપલ સૂત્રોના કહેવા પ્રમાણે આ દબાણ એ રીતે પણ હતુ કે,રોડલાઈનના અમલ દરમિયાન મંત્રીના ભાઈની વોર્ડમાં આવેલી સુરધારા કોંપલેક્ષની ૬૦ દુકાનોને કાંઈ થવું ન જોઈએ.



## મોડાસા ચાર રસ્તા પાસે લગાવેલ ગેટ તુટી પડતા અફરાતફરી

### ધાર્મિક પ્રોગ્રામના પ્રચાર માટે લગાવાયેલો હતો

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક ચાર રસ્તા પર મોડાસા-શામળાજી મુખ્ય માર્ગ પર મોડાસા શહેરમાં યોજાનાર વિવિધ ધાર્મિક કાર્યક્રમોના પ્રચાર માટે તેમજ ધર્મગુરુઓને આવકારતા વિવિધ ધર્મના પ્રેમીઓ દ્વારા ચાર રસ્તા પર તોતીંગ લોખંડના ગેટ ઉભા કરી બેનરો દર્શાવતા આવકાર્ય ગેટ તાણી બાંધતા હોય છે. આ ગેટ બાંધવા માટે નગરપલિકા દ્વારા આડેધડ મંજુરી આપી દેવામાં આવતી હોવાથી વર્ષમાં ચાર મહિના તો આવા ગેટ જ મુખ્યમાર્ગો પર લાગેલા જોવા મળે છે ત્યારે મંગળવારે બપોરે આવાજ એક ધાર્મિક પ્રોગ્રામના પ્રચાર માટે લગાવેલ ગેટ એચાનક ધરાશાયી થતા ટ્રાફિકથી ધમધમતા અને પ્રજાજનોની અવરજવરથી ભરચક ચાર રસ્તા પર અફડાતફડી મચી ગઈ હતી સદનસીબે ઉનાળાના લીધે બપોરનો સમય હોવાથી વાહનોની અવર જવર ઓછી હોવાથી પ્રજાજનોનો આબાદ બચાવ થયો હતો.



મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા પ્રચાર પ્રસાર માટે લાગતા વિવિધ લગાવેલ ગેટ ટકાઉ છે કે નહિ તે જોવાની ફરજ બને છે અને જો કોઈ ગેટ તકલાદી લાગે તો ઉતારી લેવા તાકીદે ફરજ પાડવી જોઈએ જેથી ભવિષ્યમાં જાનજાનિ ટળી શકે.

## હાલમાં ગાંધીનગરની હાલત પાટનગરને શોભે તેવી નથી

### ચૂંટણીલક્ષી પ્રલોભન ભાજપ દ્વારા અપાય છે : ગાંધીનગરની પ્રજાને સ્માર્ટ બની કોંગી તરફેણમાં મતદાન કરવા પ્રદેશ પ્રવક્તાની અપીલ : આક્ષેપોનો દોર યથાવત

અમદાવાદ, તા.૧૨

ગુજરાત રાજયના પાટનગરને વાયફાઈ સિટી બનાવવાની ચૂંટણીલક્ષી જાહેરાત કરનાર ભાજપે છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગરની હાલત એક પાટનગરને છાજે તેવી રહેવા દીધી નહી હોવાનું જણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે પાટનગરને સાચા અર્થમાં સ્માર્ટ સિટી બનાવવા માટે પ્રજાને સ્માર્ટ બની કોંગ્રેસ તરફી ભારે મતદાન કરવા અપીલ કરી છે. ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગરમાં મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ સરકાર અને મુખ્યમંત્રી દ્વારા વાયફાઈ સિટીની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ પ્રજાને ચૂંટણીલક્ષી પ્રલોભન આપવા માટે કરાયેલી આ જાહેરાતમાં ખરેખર તો ૧૦ મિનીટ ફ્રી સેવા આપ્યા પછીં ઉંચો ચાર્જ વસુલવામાં આવનાર છે. ભાજપ સરકારે છેલ્લાં ૨૦ વર્ષમાં ગાંધીનગરને સોલાર સિટી, ડસ્ટ ફ્રી સિટી, ફુલોની નગરી વગેરે બનાવવાની જાહેરાત કરેલી છે. પરંતુ ખરેખર તો કોંગ્રેસના સાશન વખતે ગુજરાતનું પાટનગર ગ્રીનસિટી તરીકે એશિયામાં પ્રથમ નંબરે હતું. તેમાં સેકડો વૃક્ષોનું નિકંદર કરવામાં આવતા આ બિરૂદ છીનવાઈ જવા પામ્યું છે. મહાત્મા મંદિર, સેન્ટ્રલ વિસ્ટા અને સ્વર્ણિમ સંકુલના પાછળના ભાગ સહિત કેટલાક સર્વિસ રોડના કામમાં સેંકડો વૃક્ષો જમીનદોસ્ત કરી નંખ્યા છે. આ ઉપરાંત મોટા ભાગના બગીચાઓ મૃત પ્રાય કરી નાખનાર ભાજપ સરકારે મહાનગરપાલિકાને કોઈ સત્તા આપવાને બદલે હાથમાં સાવરણો પકડાવી દીધો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપના બેજવાબદાર અને આડેધડ વહીવટના કારણે સોલાર લાઈટ, પેવર બ્લોક તેમજ બાંકડા જેવી સુવિધાઓ આપવામાં પણ લાખ્ખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. જ્યારે સ્વચ્છતા અભિયાનના નામે લાખ્ખો રૂપિયા ખર્ચવામાં આવ્યા હોવા છતાં જાહેર સફાઈના અભાવે ઠેર ઠેર ગંદકીના થર જોવા મળે છે.

## હિંમતનગર પાસે અજાણ્યા વાહન પાછળ બાઈક ટકરાતા બે યુવકના મોત

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર તાલુકાના હિંમતપુર ગામ પાસે રવિવારની મોડી સાંજના સુમારે બેફામ ગતિએ પસાર થતાં બાઈક ચાલક કોઈ કારણસર અજાણ્યા વાહન સાથે ટકરાઈ જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક સહિત પાછળ બેઠેલા યુવાનને શરીરે ગંભીર ઈજાઓ થતાં બંને યુવકના મોત નિપજયા હતા. અકસ્માતના બનાવ અંગે મૃતકના પિતાએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગાંભોઈ પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર રવિવારે મોડી સાંજના ભિલોડા તાલુકાના ઘાંટીના રહીશ વિકેશભાઈ પ્રવિણભાઈ માલીવાડ બજાર મોટર સાયકલ નં.જીજે.૯.એપી.૧૦૬૫ પર હિંમતપુર ગામ નજીકથી પુરઝડપે પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન આ બાઈક સવાર કોઈ અજાણ્યા વાહન સાથે ટકરાઈ પડતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક વિકેશ પ્રવિણભાઈ માલીવાડ અને પાછળ બેઠેલો સરસવ ગામનો રાહુલ દિનેશભાઈ અસારી માર્ગ પર પટકાતા બંનેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર અકસ્માતની ઘટનામાં સરસવના રાહુલનું ઘટના સ્થળ પર જ મોત નિપજયું હતું.

## નાયબ સેક્શન અધિકારી મામલતદારની પરીક્ષાનો ૧૪મીએ સેમિનાર

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેક્શન અધિકારી, નાયબ મામલતદાર સંવર્ગની મુખ્ય પરીક્ષા મે માસમાં યોજાનાર છે. શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર અને અન્ય સંસ્થાઓના સહયોગથી તાલીમ વર્ગ શરૂ કરવામાં આવનાર છે. જેની રજિસ્ટ્રેશન તેમજ આયોજનની રૂપરેખા માટે સેમિનારનું આયોજન તા. ૧૪મી એપ્રિલના રોજ સવારે ૧૦.૦૦ વાગે સમાજના કાર્યાલય ખાતે કરેલ છે.

સેમિનારમાં પરીક્ષાલક્ષી માહિતી પુરી પાડવામાં આવશે. તા. ૧૮મી એપ્રિલથી નિયમિત બેચ શરૂ થશે. શ્રી રાજપૂત સમાજના પ્રીલીમ્સમાં સફળ થયેલ વિદ્યાર્થીઓ પરિવારજનોએ નોંધ લેવી વધુ માહિતી માટે ૨૩૨-૨૫૪૪૪નો સંપર્ક સાધવો. શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગરે જણાવેલ છે.

### લઘુ અને મધ્યમ કક્ષાના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અનોખી નર્સરીનું ઉદ્‌ઘાટન એલ.ડી. એન્જીનિયરીંગ કોલેજ, અમદાવાદના બ્લોક-૬માં જયનારાયણ વ્યાસના હસ્તે ૧૨મી એપ્રિલના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમ આપવા ચાર્ટડ એકાઉન્ટન્ટ સહિતના નિષ્ણાતોને બોલાવવામાં આવશે. જીટીયુના આ પ્રોજેક્ટમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, સેન્ટર ફોર એન્ત્રપ્રિનિયોર્શીપ ડેવલપમેન્ટ સીઈડી, ક્રેડિટ એનાલિસીસ એન્ડ રિસર્ચ લિમિટેડ કેર રેટીંગ, એમએએસ ફાઈનાન્શીયલ સર્વિસીઝ લિમિટેડ અને વિવરો ફાઈનાન્શીયલ સર્વિસીઝ લિમિટેડ આ પ્રોજેક્ટમાં નોલેજ પાર્ટનરની ભૂમિકા ભજવશે, એમ નર્સરીના વડા ડો. જગદીશ જોશીપુરાએ જણાવ્યું હતું. જાપાનની સંસ્થા એશિયા પ્રોફેશનલ એજ્યુકેશન નેટવર્ક (એપેન) તરફથી જીટીયુની ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવેલી છે. તે સંસ્થા દ્વારા એસએમઈ માટેના રેટીંગ નક્કી કરવામાં આવતા હોય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ તે રેટીંગનો ઉપયોગ નક્કી કરીને નાના એકમોની વિશ્વસનીયતા ચકાસીને માલની ખરીદી કરતા હોય છે. જીટીયુ નર્સરીના માધ્યમથી તે રેટીંગનું ભારતીયકરણ કરીને સ્વદેશી રેટીંગ ઉપલબ્ધ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટનો મૂળ હેતુ લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોના સ્ટાફને બેન્કિંગ, એકાઉન્ટીંગ અને અન્ય નાણાકીય પાસાંઓની તાલીમ આપવાનો છે. ભવિષ્યમાં આ તાલીમ અંતર્ગત ઉદ્યોગ સાહસિકોને પણ આવરી લેવામાં આવશે.

### કડુસલો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલા મકાનો નિકાલ હેઠળના મકાનો જાહેર કરવામાં આવ્યા હતા. જયારે એક દાયકાના લાંબા સમયના અંતે નિકાલ હેઠળના મકાનો તોડવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલ નિકાલ હેઠળના મકાનો તોડી તેના ઠેકાણે નવા સરકારી આવાસો બાંધવાનુ કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જયારે હજુ પણ સરકારી ટાવર કોલોની અન્વયે નવા બ્લોક બાંધવામાં આવનાર છે. હાલ શહેરના સેકટર -૭ અને સે-૧૩ માં જ-૧ અને જ-૨ કક્ષાના નિકાલ હેઠળના મકાનો તોડવામાં આવી રહયા છે. જો કે સે-૧૩માં ૫૩૦ જેટલા મકાનો તોડવાનુ કામ સંપુર્ણ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે સે-૭માં પણ આખરી ૭૨ મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. અત્યાર સુધીમાં ૫૬૬ જેટલા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. આગામી ચોમાસા પુર્વે નિકાલ હેઠળના મકાનો તોડવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવશે. જયારે હાલ તંત્ર દ્વારા નવા સરકારી આવાસો બાંધવા માટે નવી સાઈટ માટે અભ્યાસ પણ હાથ ધરવામાં આવી રહયો છે. જો કે મંત્રી કક્ષાએથી આખરી નિર્ણય લેવાયા બાદ જ નવી ટાવર કોલોની બાંધવા માટેની સ્થળ પસંદગી આખરી કરવામાં આવશે.

### ટ્રેન પહોંચી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લાતુર પહોંચી ગયા હતા. બે તબક્કામાં પાણી પહોંચવાનો નિર્ણય કરવામાં આવ્યો છે આની પાછળ તર્ક એ છે કે ડબ્બાને પાણીથી ભરવામાં સમય લાગે છે. જેથી સંકટના તાત્કાલિક ઉકેલ માટે ૧૦ વેગન પહેલા મોકલી દેવામાં આવ્યા છે. ત્યારબાદ બીજા ૪૦ વેગન મોકલવામાં આવનાર છે. મહારાષ્ટ્રમાં મોટા ભાગના વિસ્તારોમાં દુષ્કાળની જટિલ સ્થિતી સર્જાયેલી છે. જેમાં દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈનો પણ સમાવેશ થાય છે. મુંબઈમાં પણ પાણીની કટોકટી પ્રવર્તી રહી છે. સ્થિતી એ છે કે મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે.

પાણીને લઈને હિંસા ન થાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે. દેશમાં છેલ્લા બે વર્ષથી ઓછો વરસાદ રહ્યો છે જેથી મહારાષ્ટ્ર જ નહી બલ્કે ગુજરાત સહિત કેટલાક રાજ્યોમાં પણ સ્થિતી ખરાબ છે. પાણીની કટોકટી પ્રવર્તી રહી છે.કેન્દ્ર સરકાર પણ ચિંતાતુર દેખાઈ રહી છે. ખાસ ટ્રેન લાતુર પહોંચી ગયા બાદ લોકોને રાહત થઈ છે. ૧૦ ડબ્બાઓ પાણી ભરીને પહોંચ્યા છે. દરેક ડબ્બામાં ૫૦૦૦૦ લીટર પાણીની ક્ષમતા રહેલી છે.

### એનાઈટીની પરીક્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તપાસની માંગ કરે છે. અમે જાણવા માંગીએ છે કે આની પાછળ કોઈ રાજકીય પક્ષ છે કે કેમ. તેમણે કહ્યુ હતુ કે વિદ્યાર્થીઓના મામલે રાજનિતી થાય તેમ અમે ઈચ્છતા નથી. વિદ્યાર્થીઓમાં મતભેદો હોઈ શકે છે પરંતુ શાંતિપૂર્ણરીતે વિવાદનો ઉકેલ આવે તે જરૂરી છે. બહારના રાજ્યોના કેટલાક વિદ્યાર્થીઓને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે તે અંગે પુછવામા આવતા સોનીએ કહ્યુ હતુ કે કોંગ્રેસ સંપૂર્ણપણે આવી ઘટનાની વિરુદ્ધમાં છે. વિદ્યાર્થીઓને દેશમાં કોઈ પણ અભ્યાસ કરવાનો અધિકાર છે. અમારી યુપીએ સરકારે અગાઉ માનવીય આધાર પર દેશની જુદી જુદી મેડિકલ કોલેજોમાં કાશ્મીરી વિદ્યાર્થીઓના પ્રવેશની ખાતરી કરવા નિર્ણય કર્યા હતા. તેમને કોઈ તકલીફ ન પડે તેમ અમે ઈચ્છીએ છીએ.



### જાહેર નિવિદા

આથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ટેલીફોન નં. ૨૩૨-૫૯૨૦૮)ની કચેરી તરફથી નીચે જણાવેલ કામના ઈ.૨ તથા તેની ઉપરની કક્ષાના માન્ય ઈજારદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. જેની અંદાજીત કિંમત ૦.૬૨ લાખની સુધીની છે. કોરા ભાવપત્રક આપવાની છેલ્લી તારીખ : ૧૮/૪/૨૦૧૬ છે. અને રજી.પો.એ.ડી.થી પરત મેળવવાની છેલ્લી તારીખ : ૨૭/૪/૨૦૧૬ છે.

| અ. નં. | કામનું નામ | (૧) અંદાજીત કિંમત (૨) બાનાની રકમ (૩) ટેન્ડરની ફી (૪) શ્રેણી |
|---|---|---|
| (૧) | હાયર ચાર્જીસ ફોર પ્રોવાઈડીંગ ડીઝર્ટ એર કુલર | (૧) રૂ. ૬૦૨૦૦/- (૨) રૂ. ૬૦૨/- (૩) રૂ. ૩૦૦/- (૪) ઈ.૨ અને ઉપરની શ્રેણી |

માહિતી/૯૧/૧૬-૧૭



### ગુલમોર ● ૪ પાનાનું ચાલુ...

ફાળવીને સંબંધ માટે સમય ફાળવો છો, એ વધારે મહત્વનું અને અગત્યનું પરિબળ છે.

એક યુવતીએ કોલ કરીને તેના બોયફ્રેન્ડને કહ્યું કે ''મારે તને મળવું છે. બોલ, ક્યારે મળીશું?''

યુવાન મળવાનો ઉમળકો વ્યક્ત કરતા બોલ્યો કે ''અત્યારે તો હું ચોક્કસ મારા કામમાં બિઝી જ છું. પરંતુ મારા બિઝી શિડ્યુલને હું મેનેજ કરીને તારા માટે ટાઈમ કાઢી લઈશ. બોલ, તું કહે એ ટાઈમે હું મળવા તૈયાર છું. તને જે ટાઈમ કમ્ફર્ટ હોય એ પ્રમાણે હું મેનેજ કરી લઈશ.''

આ સંવાદમાં સમજી શકાય છે કે યુવતી માટે તેના બોયફ્રેન્ડને સંપૂર્ણ આદર અને સન્માનની લાગણી છે. યુવાન ગર્લફ્રેન્ડની બરાબર કાળજી રાખે છે અને ગર્લફ્રેન્ડને જ્યારે તેના સપોર્ટની કે ટાઈમની જરુર હોય છે, ત્યારે યુવાન પોતાના બિઝી શિડ્યુલમાંથી પણ પોતાનો ટાઈમ મેનેજ કરીને ટાઈમ સ્પેન્ડ કરવા તૈયાર અને તત્પર રહે છે. આ છે, પ્રેમમાં કાળજી, લાગણી, સંભાળ અને આદર.

હવે બીજો એક સંવાદ પણ જોઈએ. એક યુવાને કોલ કરીને તેની ગર્લફ્રેન્ડને કહ્યું કે ''મારે તને મળવું છે. બોલ, ક્યારે મળીશું?''

યુવતીએ રિસ્પોન્ડ આપ્યો કે ''હમણા તો મને નહીં ફાવે, ફરી ક્યારેક. કેમ કે હમણા હું જોબ ઉપર છું, જો રજા લઉં તો પગાર કપાઈ જશે. મારી પાસે એકસ્ટ્રા રજાઓ નથી. બેલેન્સ થયેલી રજાઓ મારે વેકેશન એન્જોય કરવામાં વાપરવાની છે. જોબ ઉપરાંત મારે હમણા એકઝામની તૈયારીઓ પણ ચાલી રહી છે. સાંજે મારા એક દોસ્તની બર્થ-ડે પાર્ટી છે. ત્યાં બધા સ્કૂલ-ફ્રેન્ડઝ ભેગા થવાના છે ને ખુબ એન્જોય કરવાના છીએ. પછી મારે મારા કાકાના ઘરે રહેવા જવાનું છે. કાલે મારા માસીના ઘરે અમારું ફેમિલી ગેટ-ટુ-ગેધર છે. પછી મારી એક સ્કૂલ-ફ્રેન્ડ અમેરિકાથી આવવાની છે, તેની સાથે થોડા દિવસ સ્પેન્ડ કરવાના છે. વીક-એન્ડમાં તો શનિ-રવિ મારી દીદી અને જીજાજીના ઘરે રહેવા જવાનું ઓલ ટાઈમ ફિક્સ શિડ્યુલ હોય છે. વગેરે... વગેરે... બોલ, હવે હું ક્યારે તને મળવા આવી શકું?''

હવે એમ કહેવાની જરુર ખરી કે પેલો યુવાન તેની ગર્લફ્રેન્ડનો આવો રિપ્લાય સાંભળીને બેહોશ થઈ ગયો?''

યુવતી તો એક સિમ્બોલ છે. ગર્લફ્રેન્ડનો કોઈ જ વાંક નથી. સંબંધ કોઈ પણ હોય, આપણે આપણી આસપાસ નજર કરીએ તો પણ આપણને આવા કિસ્સા જોવા મળે છે કે એ લોકોને તમારું કામ પડે ત્યારે જ તમને મળવા આવે અથવા કોલ કરે છે. તમે એમના માટે સમય ફાળવો છો અને એમની વાત સાંભળો છો અને એમના કામમાં થઈ શકે એ રીતે મદદરુપ પણ થાઓ છો.

આવી સ્થિતિ આવે તો તમારે ગર્વ અનુભવવો જોઈએ કે તમે એવા જરુરીયાતમંદ લોકોના જીવનમાં પ્રકાશ પાથરવાનું કામ કર્યુ. કેમ કે તમારી યાદ એમને ત્યારે જ આવે છે કે જ્યારે એમના જીવનમાં અંધકાર છવાઈ જાય અને કોઈ રસ્તો જ ના રહ્યો હોય, ત્યારે તમારી યાદ આવે છે.

સ્ટોપરઃ-

''ભલે તું ન લે, ચાખી તો જો,
અમારા ગામની ઉદાસી'ય વખણાય છે.''

- 'વંચિત' કુકમાવાલા

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

જોયું તો બીજા કોઈનો નંબર હતો. મેં કાને ધરીને કહ્યું, 'હલ્લો' સામેથી અવાજ આવ્યો. 'તમે આર્મી ઑફિસર સામંતસિંહ બોલો છો?'

'જી, ફરમાવો.'

'જુઓ, અહીં તમારા દીકરાએ ટ્રેનમાં કપાઈને આત્મહત્યા કરી લીધી છે. તમે આવીને જોઈ લો. હું અમીયાપુર રેલ્વે સ્ટેશનથી બોલું છું.'

આ સાંભળી મારા હાથમાંથી મોબાઈલ છૂટી ગયો. પત્ની ને જોઈને બોલી શું થયું...? પણ હું બોલવાની સ્થિતિમાં ન હતો. હું જમીન પર બેસી પડ્યો અને માથે હાથ દઈને હીબકાં ભરવા લાગ્યો. જયારે પત્નીએ ચાલુ મોબાઈલ પર વાત કરી તો એ પણ સાંભળીને બેબાકળી થઈ બેહોશ થઈ પડી ગઈ. જયારે અમારો રડવાનો અવાજ પાડોશીઓએ સાંભળ્યો તો એ દોડીને આવ્યા. અને અમને સાંત્વના આપવા લાગ્યા. હું માથું પછાડીને મારી જાતને દોષિત ગણાવી કહેવા લાગ્યો કે આ બધું મારી મહત્ત્વાકાંક્ષાનું જ પરિણામ છે. નહીંતર મારો દીકરો જીવતો હોત.

જયારે અજયનો કપાયેલો મૃતદેહ જોયો ત્યારે મારી પત્ની પછડાટ ખાઈને પડી, રોઈ રોઈને મારી પણ હાલત ખરાબ હતી, ફૌજી હતો તો શું થયું છેવટે તો એક જુવાન દીકરાનો બાપ હતો ને! એવો બાપ જે પોતાના દીકરાના સ્યુસાઈડનું કારણ બન્યો હતો. અજયની સ્યુસાઈડ નોટ પોલીસે વાંચવા આપી. ત્યારે તે વાંચીને મારી આંખમાં આંસુ વરસી પડ્યાં. તેમાં લખ્યું હતું, 'સૉરી, પપ્પા - હું તમારાં સપનાને પુરું કરી ન શક્યો, તેથી જાઉં છું. મમ્મીનું ધ્યાન રાખજો. મારી દુનિયા ઉજડી ગઈ. બધું જાણે ખતમ થઈ ગયું.' મારી પત્ની તે દિવસથી પથારીવશ થઈ ગઈ. મારા જીવનમાં પશ્ચાતાપ સિવાય કંઈ ન હતું. જો મેં આવી મહત્ત્વાકાંક્ષા રાખી ન હોત તો?



### બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,

બનાસ ડેરી, પો.બો. નં.૨૦, પાલનપુર-૩૮૫૦૦૧
ફોન નં. (૦૨૭૪૨) ૨૫૧૦૨૯, ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫

**ફલાય એશના વેચાણ**

આથી ફલાય એશ ખરીદતા દરેક ઈસમોને જણાવવાનું કે, તા. ૧/૫/૧૬થી તા. ૩૧/૧૨/૧૬ સુધીના સમય માટે બનાસડેરી પાલનપુર ખાતે તેમજ કેટલફીડ પ્લાન્ટ, કાતરવા અને બોઈલરમાંથી નીકળતા ફલાય એશ માલનું વેચાણ કરવાનું હોઈ, રસ ધરાવતી પાર્ટીઓએ સંઘના હિસાબી શાખામાં ટેન્ડર ફી પેટે રૂ. ૧૦૦/- (નોન રીફંડેબલ) ભરી ટેન્ડર મેળવી, ટેન્ડર સાથે રૂ. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)નો ડીમાન્ડ ડ્રાફટ સીલબંધ કવરમાં કા. ૨૫/૪/૧૬ના ૧૫-૦૦ કલાક સુધીમાં સંઘમાં રજૂ કરવાનું રહેશે.

ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો અબાધિત રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર